# ફૂગાવાનો દર ડિસેમ્બર સુધી નહિ ઘટે

**મોંઘવારીનો દર જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે ૭.૪ ટકા, ઓક્ટોબરથી ડિસેમ્બર વચ્ચે ૬.૨ ટકા અને જાન્યુ.થી માર્ચ ૨૦૨૩ વચ્ચે ૫.૮ ટકા રહેવા અંદાજ : શક્તિકાન્તા દાસ**

નવી દિલ્હી, તા.૨૪

દેશમાં અત્યારે મોંઘવારીએ મઝા મૂકી છે. કેન્દ્ર સરકારે કેટલાક પગલાં લીધા છે તેના કારણે સ્ટીલ, ખાધતેલ અને પેટ્રોલ અને ડિઝલના ભાવમાં રાહત મળી છે પણ ફુગાવાનો દર રિઝર્વ બેંકની ધારણા અનુસાર ડિસેમ્બર સુધી ઘટશે એવી શક્યતા ઓછી છે એમ રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાન્તા દાસે એક અખબારને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું.



દરમિયાન, રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર માઈકલ પાત્રાએ એક અલગ મુલાકાતમાં જણાવ્યું હતું કે યુરોપમાં ચાલી રહેલા યુદ્ધના કરને અર્થતંત્ર ઉપર અસર પડશે અને આર્થિક વિકાસ દર ધીમો પડી શકે છે.

અમે ફુગાવો અને અપેક્ષિત ફુગાવો ઘટાડવાના રસ્તે ચાલી રહ્યા છે. ડિસેમ્બર સુધી, ગ્રાહક ભાવાંક અમારી અપેક્ષાની ટોચ આસપાસ જ રહેશે. આ પછી તે છ ટકાની નીચે જશે, એવું ગવર્નર દાસે જણાવ્યું હતું.

મહિનાના પ્રથમ સપ્તાહમાં ધિરાણ નીતિની સમીક્ષા સમયે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં સ્થાનિક અને વિદેશી પરિબળોના કારણે ગ્રાહક ભાવાંક આધારિત મોંઘવારી સરેરાશ ૬.૭ ટકા રહેશે એવો અંદાજ રિઝર્વ બેંકે કર્યો હતો. ફેબ્રુઆરીમાં આ અંદાજ ૪.૫ ટકા હતો, જે એપ્રિલમાં વધી ૫.૭ ટકા અને હવે ૬.૭ ટકા થઈ ગયો છે. રિઝર્વ બેંકના ગવર્નરે વ્યાજ દરના વધારાની જાહેરાત સાથેના નિવેદનમાં જણાવ્યું હતું કે ફુગાવો એપ્રિલથી જૂન વચ્ચે ૭.૫ ટકા, જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે ૭.૪ ટકા, ઓક્ટોબરથી ડિસેમ્બર વચ્ચે ૬.૨ ટકા અને જાન્યુઆરી થી માર્ચ ૨૦૨૩ વચ્ચે ૫.૮ ટકા રહે એવો અંદાજ છે. સરળ ભાષામાં કહીએ તો મોંઘવારી હજુ ડિસેમ્બર સુધી - એ પણ કડ ઓઈલના ભાવ સરેરાશ ૧૦૫ ડોલર પ્રતિ બેરલ, ચોમાસું વરસાદ સારો લાવે તો - દેશની પ્રજાને અકળાવશે.

એપ્રિલ મહિનામાં ૭.૭૯ ટકાની આઠ વર્ષની ઉંચી સપાટી બાદ મે મહિનામાં ગ્રાહક ભાવાંક આંશિક ઘટ્યો હોવા છતાં તે રિઝર્વ બેંકના લક્ષ્ય બે ટકાથી છ ટકાની સપાટી કરતા સતત પાંચમાં મહીને ઉંચો રહ્યો છે.

## તેલ કંપનીઓ દ્વારા ક્રૂડ ઓઈલની કિંમતમાં એક ડોલરનો વધારો કરાયો

**બ્રેન્ટ ક્રૂડની કિંમત ૧૧૦.૭ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ : તેલ કંપનીઓએ આજે પેટ્રોલ અને ડીઝલના ભાવ જાહેર કર્યા છે, આજે કંપનીઓએ તેલના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી**

નવી દિલ્હી,તા.૨૪

તેલ કંપનીઓએ આજે પેટ્રોલ અને ડીઝલના ભાવ જાહેર કર્યા છે. આજે કંપનીઓએ તેલના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી. તાજેતરમાં જ સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. આ પછી પેટ્રોલની કિંમતમાં મહત્તમ ૯ રૂપિયા અને ડીઝલની કિંમતમાં ૭ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. સરકારી ઓઈલ કંપનીઓએ શુક્રવારના પેટ્રોલ-ડીઝલના નવા ભાવ જાહેર કરી દીધા છે. વૈશ્વિક બજારમાં આજે સવારે બ્રેન્ટ ક્રૂડની કિંમત ૧૧૦.૭ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ છે. ક્રૂડ ઓઈલ એક દિવસ પહેલાની કિંમત કરતા લગભગ ૧ ડોલર મોંઘુ થઈ ગયું છે. તેલ કંપનીઓએ આજે પેટ્રોલ અને ડીઝલના ભાવ જાહેર કર્યા છે. આજે કંપનીઓએ તેલના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી. તાજેતરમાં જ સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. આ પછી પેટ્રોલની કિંમતમાં મહત્તમ ૯ રૂપિયા અને ડીઝલની કિંમતમાં ૭ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

## દેશમાં કોરોનાના ૧૭,૩૩૬ નવા કેસ : એક્ટિવ કેસ ૮૮,૨૮૪

**કોરોનાના નવા કેસોની બાબતમાં કેરળ ટોપ પર છે. કેરળ પછી મહારાષ્ટ્ર, દિલ્હી, તમિલનાડુ અને ઉત્તર પ્રદેશનો નંબર આવે છે**

નવી દિલ્હી, તા.૨૪

ભારતમાં પણ કોરોનાના કેસમાં નોંધપાત્ર વધારો થયો છે. દેશમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોવિડ-૧૯ના ૧૭,૩૩૬ નવા કેસ નોંધાયા છે. કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા વધીને ૮૮,૨૮૪ થઈ ગઈ છે. આ પહેલા ગુરુવારે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ૧૩,૩૧૩ નવા કેસ નોંધાયા હતા. ગુરુવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૩૮ લોકોના મોત થયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા તાજેતરના આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોરોનાના નવા ૧૭૩૩૬ નોંધાયા છે. કોરોના વાયરસના નવા કેસોમાં વધારા સાથે એક્ટિવ કેસની સંખ્યામાં વધારો થયો છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૮૮૨૮૪ પર પહોંચી ગઈ છે. નોંધનીય છે કે કોરોના વાયરસના કેસમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે.

દેશમાં કોરોનાના કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૫ લાખ ૨૪ હજાર ૯૫૪ પર પહોંચી ગઈ છે. કોરોનાથી સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા હવે ૪ કરોડ ૨૭ લાખ ૪૯ હજાર ૫૬ થઈ ગઈ છે. દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૮૮૨૮૪ પર પહોંચી ગયો છે. નોંધનીય છે કે દેશમાં એક દિવસ પહેલા કોરોનાના નવા કેસ પાંચ રાજ્યોમાંથી નોંધાયેલા છે. કોરોનાના નવા કેસોની બાબતમાં કેરળ ટોપ પર છે. કેરળ પછી મહારાષ્ટ્ર, દિલ્હી, તમિલનાડુ અને ઉત્તર પ્રદેશનો નંબર આવે છે.

## દ્રૌપદી મુર્મૂએ નામાંકન દાખલ કર્યું

**ભાજપના નેતૃત્વવાળા ગઠબંધનના ઉમેદવાર : વડાપ્રધાન તેમના પહેલા પ્રસ્તાવક બન્યા, રાજનાથ સિંહ, અમિત શાહ, નડ્ડાએ નામાંકન પત્ર પર હસ્તાક્ષર કર્યા**

નવી દિલ્હી, તા.૨૪

ભાજપના નેતૃત્વવાળી રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધન તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂએ પોતાનુ નામાંકન દાખલ કરી દીધુ છે. આ અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય કેબિનેટ મંત્રી અને ભાજપ અને એનડીએ શાસિત રાજ્યોના મુખ્યમંત્રી પણ હાજર હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના પહેલા પ્રસ્તાવક બન્યા. જાણકારી અનુસાર મુર્મૂના ઉમેદવાર માટે ભાજપે નામાંકનના ચાર સેટ તૈયાર કર્યા છે. વડાપ્રધાન સિવાય, વરિષ્ઠ કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ, અમિત શાહ અને ભાજપ અધ્યક્ષ જે પી નડ્ડાએ નામાંકન પત્ર પર હસ્તાક્ષર કર્યા.દ્રૌપદી મુર્મૂએ ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. વડાપ્રધાન મોદીએ પોતે એક ટ્વીટ કરીને આ જાણકારી આપી હતી અને મુલાકાતની તસવીર શેર કરી હતી. પીએમ મોદીએ કહ્યુ હતુ, દ્રૌપદી મુર્મૂજી સાથે મુલાકાત કરી. રાષ્ટ્રપતિ પદ માટે તેમની ઉમેદવારીની સમગ્ર દેશમાં અને સમાજના તમામ વર્ગો દ્વારા વખાણ કરવામાં આવી રહ્યા છે. પાયાની સમસ્યાઓ પ્રત્યે તેમની સમજ અને ભારતના વિકાસને લઈને તેમની દ્રષ્ટિ ઉત્કૃષ્ટ છે.

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીએ ગુરૂવારે રાજગના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂને સમર્થન આપ્યુ. જે આ પદ માટે પહેલા આદિવાસી મહિલા છે.



## ૫૦ ધારાસભ્યોના સમર્થનનો એકનાથ શિંદેએ કરેલો દાવો

**જે બાલાસાહેબની આઈડિયોલોજીને આગળ લઈ જવા માગે છે તે અમારી સાથે આવશે એવો શિંદેનો દાવો**

મુંબઈ, તા.૨૪

મહારાષ્ટ્રની રાજકીય ઉથલ-પાથલ વચ્ચે શિવસેનાના બાગી નેતા એકનાથ શિંદેએ તેમને ૫૦થી વધારે ધારાસભ્યોનું સમર્થન હોવાનો દાવો કર્યો છે. તેમાં ૩૭થી વધારે ધારાસભ્યો શિવસેનાના છે. એકનાથ શિંદેના કહેવા પ્રમાણે 'જેમને અમારી ભૂમિકા પર વિશ્વાસ છે, જે બાલાસાહેબની આઈડિયોલોજીને આગળ લઈ જવા માગે છે, જેમને તે પસંદ છે તે અમારા સાથે આવશે.'

ઉપરાંત ૧૨ બાગી ધારાસભ્યોને અયોગ્ય ઘોષિત કરવાની અરજીને ગેરકાયદેસર ગણાવતા કહ્યું હતું કે, અમે લોકો બહુમતમાં છીએ અને લોકશાહીમાં નંબરનું જ મહત્વ હોય છે. તેઓ આ પ્રકારે સસ્પેન્ડ ન કરી શકે. સાથે જ પલટવાર કરતા કહ્યું હતું કે, વ્હિપ ફક્ત વિધાનસભાના કાર્યો માટે જ લાગુ થાય છે.

શિંદેએ ટ્વિટમાં લખ્યું હતું કે, 'તમે કોને ધમકી આપવાનો પ્રયત્ન કરી રહ્યા છો? અમે તમારી ચાલાકીઓને સમજીએ છીએ તથા કાયદાને પણ સમજીએ છીએ. બંધારણની ૧૦મી અનુસૂચિ પ્રમાણે વ્હિપ વિધાનસભાના કાર્યો માટે લાગુ થાય છે, કોઈ બેઠક માટે નહીં.'

ગુવાહાટીમાં બેઠેલા એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે, ઉદ્ધવ પોતે અલ્પમતમાં હોવાથી તેમને અયોગ્ય ન ઠેરવી શકે. સાથે જ તેમણે પોતે શિવસેનાની નોટિસોથી ડરતા નથી અને તેઓ ઈચ્છે તો આવી વધુ ૧૦ નોટિસ મોકલી શકે છે.

શિંદેના કહેવા પ્રમાણે નિયમ પ્રમાણે તેઓ સાચા છે. તેમને શિવસેનાના ૩૭થી વધારે ધારાસભ્યોનો સપોર્ટ છે. મતલબ કે તેઓ ધારાસભ્ય દળના નેતા છે. ઉદ્ધવ ઠાકરે તેમને અયોગ્ય ન ઠેરવી શકે, તે ફક્ત ડરાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. સમય આવ્યે કાયદો તેમને સાથ આપશે.

## મહારાષ્ટ્રના ૧૨ બળવાખોર ધારાસભ્યોની સદસ્યતા રદ કરવા શિવસેનાની અરજી

મુંબઈ, તા.૨૪

મહારાષ્ટ્રમાં શિવસેનાના ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે જૂથ વચ્ચે તાકાત અને રાજકીય રમત તેજ બની ગઈ છે. બળવાખોર નેતાઓની સંખ્યા ૪૦ સુધી પહોંચી ગઈ છે. આ સ્થિતિમાં સીએમઉદ્ધવ ઠાકરે પાસે ખૂબ જ મર્યાદિત વિકલ્પો બાકી છે. આવી સ્થિતિમાં ૧૨ બળવાખોર ધારાસભ્યોને અયોગ્ય ઠેરવવા માટે અરજી કરવામાં આવી છે. શિવસેનામાં ઉદ્ધવ ઠાકરે જૂથે પાર્ટીના ૧૨ ધારાસભ્યોની સદસ્યતા રદ કરવાની માંગ સાથે આ અરજી આપી છે. જેમાં બળવાખોર જૂથના નેતાઓ એકનાથ શિંદે અને ભરત ગોગાવાલેનું નામ પણ સામેલ છે.

**મહારાષ્ટ્રમાં ઠાકરે-શિંદે જૂથની રાજકીય રમત તેજ બની : રાષ્ટ્રીવાદી કોંગ્રેસ પાર્ટી દ્વારા બોલાવાયેલી બેઠકમાં સીએમ ઉદ્ધવ ઠાકરે પ્રત્યે સંપૂર્ણ સમર્થન વ્યક્ત કરવામાં આવ્યું**

આ અંગે અરવિંદ સાવંતે કહ્યું હતું કે, ગુરૂવારે બપોરે અમે ૧૨ ધારાસભ્યોની સદસ્યતા રદ કરવાની માંગ કરી છે. એનસીપીની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા નરહરિ ઝિરવાલ (ડેપ્યુટી સ્પીકર) હાજર નહોતા રહ્યા. તેમણે કહ્યું હતું કે, આ ૪૪ પાનાની અરજી છે અને તેથી સમય લાગ્યો હતો. કાયદેસરની કાર્યવાહીની માંગ કરી હતી. પાર્ટી તરફથી વ્હીપ જાહેર કરવા છતાં તેઓ બેઠકમાં આવ્યા નહોતા. તેથી તેમનું સભ્યપદ રદ કરવામાં આવે છે. અમારી અરજી સ્વીકારવામાં આવી છે.

જે ૧૨ ધારાસભ્યોની સદસ્યતા રદ કરવાની માંગ કરવામાં આવી છે તેમના નામ આ મુજબ છે તેમાં મહેશ શિંદે, અબ્દુલ સત્તાર, સંદીપન ભુમરે, ભરતસેઠ ગોગાવલે, સંજય શિરસાટ, યામિની જાધવ, પ્રભાકર સુર્વે, તાનાજી સાવંત, એકનાથ શિંદે, બાલાજી કિનિકાર, અનિલ બાબર, લતા સોનવાનેનો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે, ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહાવિકાસ આઘાડી સરકાર શિવસેનાના બળવાખોર એકનાથ શિંદેની આગેવાની હેઠળના જૂથ તરફથી 'આકરા પડકાર'નો સામાનો કરી રહી છે. શિંદે જૂથની તાકાત સતત વધી રહી છે અને અત્યાર સુધીમાં લગભગ ૪૦ ધારાસભ્યો શિંદે સાથે જોડાયા છે. રાજકીય સંકટને વચ્ચે શિવસેનાના સહયોગી એનસીપીઅને શિવસેનાએ ઉદ્ધવ

## અગ્નિવીરોની ભરતી પ્રક્રિયા શરૂ, ૨૪ જુલાઈએ પરીક્ષા

**૧૮ વર્ષથી ઓછી ઉંમરના કર્મચારીઓ માટે નામાંકન પત્ર પર માતા-પિતા કે વાલીના હસ્તાક્ષર કરાવવા પડશે**

નવી દિલ્હી, તા.૨૪

ભારતીય વાયુ સેનામાં આજથી અગ્નિપથ યોજના હેઠળ અગ્નિવીરોની ભરતી પ્રક્રિયા શરૂ થશે. આજથી એટલે કે ૨૪ જૂન ૨૦૨૨થી ઉમેદવાર રજિસ્ટ્રેશન કરાવી શકશે. ઓનલાઈન પરીક્ષા એક મહિના બાદ ૨૪ જુલાઈએ યોજાશે. આ વર્ષે ડિસેમ્બર પહેલા બેચની ટ્રેનિંગ શરૂ થઈ જશે.

૧૯ જૂને વાયુસેનાએ નવી યોજના વિશે તમામ ડિટેલ શેર કરી હતી. જે અંગર્ગત યોગ્યતાના માપદંડ, સેલરી પેકેજ, મેડિકલ અને સીએસડી (કેન્ટીન સ્ટોર) સુવિધાઓ, વિકલાંગતા માટે વળતર, વિકલાંગતા મર્યાદાની ગણતરી, રજા અને તાલીમ સહિતની વિવિધ માહિતી આપવામાં આવી હતી.

૧૮ વર્ષથી ઓછી ઉંમરના કર્મચારીઓ માટે નામાંકન પત્ર પર વર્તમાન જોગવાઈઓ અનુસાર માતા-પિતા કે વાલીઓના હસ્તાક્ષર કરાવવા પડશે. ગયા અઠવાડિયે સરકારે અગ્નિપથ યોજના હેઠળ ભરતી માટે વર્ષ ૨૦૨૨ માટે ઉચ્ચ વય મર્યાદા ૨૧ થી વધારીને ૨૩ વર્ષ કરી હતી.

સાડા સત્તર વર્ષથી ૨૧ વર્ષની વયજૂથના યુવાનોને ચાર વર્ષની મુદત માટે સામેલ કરવામાં આવશે. જ્યારે તેમાંથી ૨૫ ટકાને બાદમાં નિયમિત સેવામાં સામેલ કરવામાં આવશે. નવી યોજના હેઠળ ભરતી થનાર યુવાનોને 'અગ્નિવીર' કહેવામાં આવશે.

વાયુસેનાએ કહ્યુ, ચાર વર્ષના સમયગાળા બાદ તમામ અગ્નિવીર સમાજમાં પાછા ફરશે.

### દંત ચિકિત્સા ● અનુસંધાન ચોથાનું ચાલુ...

(૩) કાનમાં ઈન્ફેકશન / બહેરાશ

કલેફ્ટ પેલેટ ધરાવતાં બાળકોમાં કાનના ઈન્ફેકશનનું પ્રમાણ વધુ જોવા મળે છે, જેનું મુખ્ય કારણ મિડલ ઈયર (મધ્ય કર્ણ) માં વધઉ પડતા પ્રવાહીના જમાવટનાં કારણે થઈ શકે છે.

આ ઉપરાંત આ બાળકોમાં શરદી / કફનું પણ પ્રમાણ વધુ જોવા મળે છે.

(૪) દાંતને લગતી સમસ્યાઓ

આ પ્રકારની સમસ્યા ધરાવતા બાળકોમાં દાંતનાં સડાનું પ્રમાણ સામાન્ય વિકાસ ધરાવતા બાળકો કરતા વધુ જોવા મળે છે. આ સિવાય અલ્પવિકસિત જડબાનાં કારણે તથા દાંતની જગ્યા આડીઅવળી હોવાનાં લીધે વાંકાચૂંકા દાંતની સમસયા પણ સર્જાઈ શકે છે. જે આગળ જતા દેખાવ સંબંધિત સમસ્યા ઊભી કરી શકે છે.

● કલેફ્ટ લિપ અને પેલેટની સમસ્યાનું નિરાકરણ

આ સમસ્યામાં મલ્ટિ ડીસીપ્લીનરી એપ્રોચ મદદગાર થઈ શકે છે. જેમાં ડેન્ટિસ્ટ સિવાય ઓર્થોડોન્ટિસ્ટ, ઓરલ સર્જન પ્લાસ્ટિક સર્જન, ઈએનટી સર્જન, સ્પીચ એપોલોજિસ્ટ / થેરાપિસ્ટ, ઓડિયોલોજિસ્ટ, પ્રોસ્થોડોન્ટિસ્ટ વગેરે મુખ્ય છે.

- આ સમસ્યાની સારવાર એ એક લાંબી અને જટિલ પ્રક્રિયા છે. જે બાળકનાં જન્મ સમયથી શરૂ કરીને ૧૮ થી ૨૦ વર્ષની ઉંમર સુધી ચાલી શકે છે.

- જે તબક્કાવાર રીતે પૂર્ણ કરવામાં આવે છે. જેમાં બાળકનાં જન્મ સમયે બાળકને પ્લેટ આપવાથી તે વ્યવસ્થિત રીતે પોષણ મેળવી શકે છે. ત્યારબાદ ચીરાયેલા હોઠ અને તાળવાની પ્રારંભિક સર્જરી કરવામાં આવે છે.

- ત્યારબાદ બાળકનાં દુધિયા દાંત આવ્યા બાદ (૨-૬ વર્ષ) કાયમી દાંત આવ્યા બાદ (૬ થી ૧૨ વર્ષ) ઓર્થોડોન્ટિક સારવાર (વાંકાચૂકા દાંતની સારવાર) અને પછી જડબાનાં વિકાસ માટે વિવિધ અપ્લાયન્સ અને સર્જરી એમ ઘણી બધી પ્રકારની ટ્રીટમેન્ટની જરૂર પડે છે.

મિત્રો આ બધી પ્રકારની સારવાર અને તેને લગતી પ્રક્રિયાઓનું વિસ્તૃત વિવરણની આપણે આવતા અંકમાં જાણકારી મેળવીશું. જેમાં બાળકના જન્મ સમયથી લઈને અલગ અલગ ઉંમરનાં પડાવોમાં થતી તમામ સારવાર અંગે આપણે જાણકારી પ્રાપ્ત કરીશું.

### સંવેદનનું સ્ટેટ્સ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

કહેવાતું.. તો રેશનીંગની દુકાનને કવોટા ઉપરથી "કોટો" કહેવામાં આવતું...આવા અનેક શબ્દો પરભાષાના હોવા છતાં દેશી બનીને ગ્રામ્યવૈભવનો હિસ્સો બની જતા..આજે ઘણા શબ્દો લુપ્ત થતા જાય છે..પગારને મશારો કહેવાતો...સમાચાર ને વાવડ..નોકરને સાથી. ચોમાસાને વરહાળો ! ઉનાળો પછી કેવો અનુપ્રાશ !

પછીત.. મજિયારું.. ખોડીબારું.. કોશ..માઢ.. ડેલું.. હટાણું.. પરબલું... કે મનેખ જેવા શબ્દોની અલગ અર્થચ્છાયાઓ વૈભવશાળી હતી... જીવન પરિશ્રમી હતું... પરસેવે રેબઝેબ થઈ જવાતું... સંસ્કૃતમાં પરસેવાને શ્રમજળ કહેવાય છે ! એ જાણે સાક્ષાત થતું..સીમાડો ખુંદતા લોકો માટે આવું જળ વહેડાવવું સહજ હતું...

ઢોરઢાંખર,બળદની જોડી,નેળિયું શેઢો.નીંદવું ટોવું.. અહાહા કેવો નજારો હતો... વેવિશાળમાં પંગત પડતી એમાં બુફે જેવી અવહેલના ન હતી..! સુંદર જોડી એ કપલ ન હતું એને કહેવાય હૂતો-હૂતી... વાનગી પીરસવાની ચીજ છે..ટેબલ ઉપર સજાવટની નહીં..ગાડામારગ..તારામઢયું આકાશ..મંદિરના નગારાનો ધ્વનિ કે દરેક પ્રસંગે અલગ ટયુનથી વાગતા ઢોલની આગવી ઓળખ હતી..કેટલું ગુમાવ્યું છે આપણે જરા ટાંટીયા મેળવજો..!એટલે? જમાઉધાર જોવું..

લોકજીભે અનેક કહેવતો મહાવરાઓ કે પ્રસંગો સ્વાભાવિક રહેતા..જેમાં કોઠાસુઝ કે ડહાપણ ભળી જતું...જેમકે ગાય વાળે ઈ ગોવાળ..કે ઢીંચણ સમું ધાન ને કેડ સમાણું કામ..તાંબાની તોલડી તેર વાનાં માગે..રસ્તાની બોરડી સૌ કોઈ ઝુડે...લખલૂંટ ખજાનો રહેતો...તળપદો સ્વૈરવિહાર એ દેહાતી વૈભવને ઉજાગર કરવાનો એક અનોખો આયામ છે..ગ્રામ્ય ધબકારમાં એનો લય આપોઆપ પકડાતો હોય છે...

## ગાંધીનગર જિલ્લામાં ૨૫-૨૬ હળવાથી મધ્યમ વરસાદનું પૂર્વાનુમાન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ૨૫ અને ૨૬ જૂન દરમ્યાન છુટા છવાયા સ્થાનો પર હળવાથી મધ્યમ વરસાદ થશે તેવુ હવામાન પૂર્વાનુમાન દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા જારી કરાતા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૨૫માં જણાવવામાં આવ્યુ છે.

૨૫ જૂનથી ૨૯ જૂન દરમ્યાન પૂર્વનુમાન કરતાં જણાવ્યુ છે કે ૨૫ અને ૨૬ જૂન દરમ્યાન જિલ્લામાં ૧૦ મી.મી. જેટલો વરસાદ છુટા છવાયા સ્થાનો પર થઈ શકે તેવી સંભાવના છે. આકાશ પાંચેય દિવસ મોટે ભાગે વાદળછાયુ રહેશે. મહત્તમ તાપમાન ૩૫-૩૭ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૦ થી ૬૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

## સાબરકાંઠામાં ભારે પવન સાથે વરસાદ, વીજપોલ-વૃક્ષો ધરાશાયી

**વાવાઝોડાએ તોફાન મચાવતા ભારે તારાજી સર્જાઈ : ૧૦ જેટલા મકાનોના પતરાઓ ઉડી ગયા હતા તો વીજ પોલ પણ ધરાશાઈ થયા હતા, આ સાથે અનેક ઝાડ પણ જમીનદોષ થતા નુકસાન સર્જાયુ હતુ**

સાબરકાંઠા,તા.૨૪

સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ અને હિંમતનગરના કેટલાક ગામડાઓમાં વાવાઝોડાએ તોફાન મચાવતા ભારે તારાજી સર્જાઈ છે. જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. હિંમતનગરનું આકોદરા ગામ આમ તો ડીજીટલ વિલેજ છે. ભારતની પ્રથમ એનિમલ હોસ્ટેલ પણ અહિં આવેલી છે. જેમાં ૧૦ જેટલા મકાનોના પતરાઓ ઉડી ગયા હતા તો વીજ પોલ પણ ધરાશાઈ થયા હતા. આ સાથે અનેક ઝાડ પણ જમીનદોષ થતા નુકસાન સર્જાયુ હતુ. એનિમલ હોસ્ટેલના પતરા પણ ઉડી ગયા હતા તો પશુઓનો ઘાસચારો રાખેલી જગ્યાનો સેડ પણ ઉડી ગયો હતો. જેથી પશુઓનો ઘાસચારો પણ બગડી ગયો છે. ચિંતન પટેલ સરપંચ આકોદરાએ વાતચીતમાં જણાવ્યું હતુ કે, અહીં અચાનક જ ભારે વરસાદ સાથે વાવાઝોડું ત્રાટક્યું હતુ અને મકાનો, સેડ, વીજ પોલ, ઝાડ ધરાશાઈ થયા હતા. તો ગામમાં બે દિવસ સુધી વીજળી પણ આવી શકે તેમ નથી. તો આ ઉપરાંત રસ્તો પણ બંધ થઈ ગયો છે. પ્રાંતિજના છાદરડા અને વિલાસ પુરા ગામે પણ વાવાઝોડુ ત્રાટક્યું હતુ. છાદરડા ગામમાં આવેલ ૧૦ જેટલા મકાનોનાં પતરા ઉડી ગયા હતા. તો પતરા ઉડીને પશુઓ પર પડતા બે પશુઓને ઈજાઓ થઈ હતી. તો છાદરડા ગામે વાવાઝોડા ને કારણે વીજપોલ પણ ધરાશાઈ થયા હતા અને ગામમાં વીજળી ગુલ થઈ હતી. હરિભાઈ પટેલે વાતચીતમાં જણાવ્યુ હતુ કે, મારે અને પાડોશીના ચોપાડના પતરા વાવાઝોડામાં ઉડીને ખેતરમાં પડ્યા હતા જેનાથી બંને પરિવારને ૫ લાખની આસપાસ નુકસાન થયુ છે. વિલાસ પુરા કંપામાં પણ વાવાઝોડાએ તરખાટ મચાવ્યો હતો. પવનનું જોર વધુ હોવાથી મકાનોના પતરા એકથી દોઢ કીમી ઉડી હવામાં ફંગોળાયા હતા. તો બે વીજ પોલ ધરાશાઈ થયા હતા તો સેડ પણ ઉડી ગયા હતા અને ભારે નુકસાન થયુ હતુ. હાલ તો, યુજીવીસીએલની ટીમો ત્રણે ગામોમાં પહોચી વીજ પોલ અને ગામમાં વીજ પુરવઠો કાર્યરત કરવા પહોચી છે.